એન.એ./એસ.આર./ ૮૯/ ૨૦૧૨–૨૦૧૩
બારકોડ નં. ૫૧૨૬૩૧

નં.જમીન/ડી/કલમ–૬૫/વશી/ ૪૭૦૫ /૨૦૧૨
બિનખેતી શાખા,કલેકટર કચેરી,
રૂમ નં.૩૦, કોઠી બિલ્ડીગ,
વડોદરા તા.૧૮ /૦૭/૨૦૧૨

: વાંચ્યા :

(૧) અરજદારશ્રી પટેલ કરમશીભાઈ ધનજીભાઈ વિગેરે રહે.૧૯, સુખાશ્રય ડુપ્લેક્ષ, સુભાનપુરા, વડોદરાની મોજે ચાપડ તા.વડોદરાના બ્લોક નં.૨૭૧ (સ.નં.૩૫૩) ની ૪૬૫૪ ચો.મી. જમીનની રહેણાંકનાં હેતુ માટે બીનખેતીની પરવાનગી મળવાની તા.૧૭/૦૫/૨૦૧૨ ની અરજી

(૨) મામલતદારશ્રી વડોદરા શહેરનાં પત્ર નં. જમીન/વશી/૧૪૭૩/૧૨, તા.૩૧/૦૫/૧૨ થી આવેલ દરખાસ્તનાં કાગળો

(૩) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના ઝોન સર્ટીફીકેટ નં.પત્ર નં.યુડીએ/ઝોન સર્ટી/૧૨૨૧૪/૧૨, તા.૧૬/૦૩/૧૨

(૪) નગર નિયોજકશ્રી,શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરાના પત્ર નં.યુડીએ/પ્લાન–૩/૨૪૨/૧૨ તા.૨૪/૦૫/૧૨ થી આવેલ અભિપ્રાય

(૫) નાયબ કલેકટરશ્રી,જમીન સુધારણા,વડોદરાના પત્ર નંબર ટેનન્સી/અપીલ/વશી/૩૪૧૫/૧૨, તા.૦૬/૦૬/૧૨

(૬) જનસેવા કેન્દ્ર કલેકટર કચેરી, વડોદરાના પત્ર નં.જનસેવા/કલમ–૬૫/બાર કોડ નંબર ૫૧૨૬૩૧ તા.૧૭/૦૫/૧૨ માંગેલ જમીન સંપાદન અધિકારીશ્રીઓની જુદી જુદી કચેરીના અભિપ્રાયો

(૭) જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫

(૮) જમીન મહેસુલ નિયમોનાં નિયમ–૮૧(૨)

(૯) ગુજરાત સરકાર,મહેસૂલ વિભાગના,ઠરાવ ક્રમાંકઃ બખપ/૧૦૦૬/૪૨૫/ક,તારીખઃ ૧–૭–૨૦૦૮

: હુકમ :

(૧) મોજે ચાપડ તા.વડોદરાના નીચે જણાવેલ સર્વે નંબર વાળી ખેતીની જમીન (૧) શ્રી પટેલ કરમશીભાઈ ધનજીભાઈ (૨) શ્રી પટેલ ચીરાગભાઈ ભુપેન્દ્રભાઈ (૩) શ્રી મુન્શી અલ્પા હેમલનાં સંયુકત ખાતે ચાલે છે.

| બ્લોક નંબર | સર્વે નંબર | ક્ષેત્રફળ (ચો.મી.) |
|---|---|---|
| ૨૭૧ | ૩૫૩ | ૪૬૫૪ |

(૨) માલિકી હકકપણા (ટાઈટલ) બરાબર હોવાનું તથા યુએલસી કાયદા હેઠળ જમીન ફાજલ થયેલ નથી તેમજ સરકાર હસ્તક કબજો લેવાયેલ નથી તેમજ કબજો અરજદાર પાસે છે તથા જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલ ચાલુમાં નથી તેમજ જમીનમાં કોઈ સરકારી લેણું વસુલ લેવાનું બાકીમાં નથી તેમ મામલતદારશ્રીએ જણાવેલ છે.

(૩) સવાલવાળી જમીન જુની શરતની છે.

(૪) સવાલવાળી જમીન અંગે વુડા કચેરીનું વંચાણ–૩ થી જરૂરી ઝોન સર્ટી. રજુ થયેલ છે.જે જોતાં સવાલવાળી જમીન હાલ મુ.દિ.પુ.વિ. યોજનામાં રહેણાંક ઝોન (આર–૨) માં આવે છે.

(૫) નગર નિયોજકશ્રી શહેરી વિકાસ સત્તા મંડળ વડોદરાના વંચાણ–૪ ના પત્ર મુજબ સવાલવાળી જમીન હાલ અમલી તથા મુ.દિ.પુ.વિ.યોજનામાં રહેણાંક ઝોન (આર–૨) માં આવે છે જેથી રહેણાંક હેતુ માટે પરવાનગી આપવામાં આવે તો ઝોનની દષ્ટિએ વાંધા સરખું નથી તેમ હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

(૬) નાયબ કલેકટરશ્રી જ.સુ. વડોદરાના વંચાણ–૫ ના પત્રથી સવાલવાળી જમીન અંગે ગણોતધારાની જોગવાઈઓનો ભંગ થતો ન હોઈ બિનખેતીના કામે હકારાત્મક અભિપ્રાય આપવામાં આવેલ છે.

(૭) સંપાદન અધિકારીશ્રીઓએ વંચાણ–૬ થી આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું જણાવેલ છે.



FOR, SAHAJ ASSOCIATES

PARTNERS

